# મોડાસા ચાર રસ્તા પર બે ગઠિયાઓએ શ્રમજીવી યુવકને આબાદ ફસાવ્યો

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જિલ્લા અને મુખ્ય મથક મોડાસા શહેરમાં તસ્કરો જાણે ખુલ્લેઆમ પોલીસતંત્રને પડકારી રહ્યા હોય તેમ જિલ્લામાં અને મોડાસા શહેરમાં ચોરીના બનાવોમાં નોંધપાત્ર વધારો થવા પામ્યો છે. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે ગઈ હોય તેવા અનેક ઘટનાઓ જિલ્લામાં બની રહી છે. રવિવારે બપોરે ૧૨ વાગ્યાની આજુબાજુ મોડાસા ચાર રસ્તા પોલીસચોકી નજીકથી એક શ્રમજીવી યુવકને બે ગઠીયાઓએ વાતોમાં ભોળવી એકના ડબલ કરવાની લાલચ આપી વાહનમાં બેસાડી આનંદપુરા ગામની સીમમાં લઈ જઈ ૧૫૦૦૦ રૂપિયાના મુદ્દામાલની લૂંટ ચલાવી યુવાનને ઘટનાસ્થળે મુકીને ફરાર થઈ જતા યુવાન બેબાકળો બની ગયો હતો. યુવાન કે તેના પરિવાર દ્વારા પોલીસ કાર્યવાહિથી દૂર રહેવાનું મુનાસીબ માન્યુ હતુ. શ્રમજીવી યુવાન લુંટાતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.



આધારભૂત સુત્રોના જણાવ્યા અનુસાર મોડાસાના માલપુર રોડ પર આવેલા ઓધારી માતાના મંદિર નજીક વિશ્વ હિન્દુ પરીષદના મેદાનમાં ઝુંપડામાં રહેતા અને આર.સી. રોડ બનાવનાર કોન્ટ્રાક્ટર પાસે મજુરી કરતા શ્રમજીવી પરિવારો જીવન નિર્વાહ ચલાવે છે. રવિવારે બપોરના સમયે આ ઝુંપડપટ્ટીમાં રહેતો દિપુભાઈ અભેસિંહ કટારા (ઉં.વ. ૨૫ વર્ષ) નામનો શ્રમજીવી યુવક તેના કમરપટ્ટાની ખરીદી કરવા મોડાસા ચાર રસ્તા નજીક બજારમાં ગયો હતો ત્યારે બે અજાણ્યા ગઠીયાઓએ આ શ્રમજીવી યુવકને એકલો દેખી શિકાર બનાવવા જાળ નાખી યુવકને વાતોમાં ભોળવી એકના ડબલની લાલચ આપી બે શુદ્ધ બનાવી અજાણ્યા વાહન મારફતે મોડાસાથી ૩ કીમી દૂર આનંદપુરા કંપાની સીમમાં અવાવરૂ જગ્યાએ લઈ જઈ યુવકના હાથમાં પહેરેલી ૫૦૦૦ રૂ.ની ચાંદીની પાંચી, ૫૦૦૦ રૂ. ગળામાં પહેરેલી ચાંદીની કંઠી, ૧૫૦૦ રૂ. રોકડા તેમજ યુવક પાસે રહેલો ૩૫૦૦ રૂ.નો મોબાઈલ મળી કુલ અંદાજે ૧૫૦૦૦ રૂ.ની લૂંટ ચલાવી પલાયન થઈ ગયા હતા.

થોડીવાર પછી શ્રમજીવી યુવકને ભાન થતા અને બે ગઠિયાઓએ આબાદ છેતર્યાનું જણાતા ખાનગી વાહન દ્વારા ઝુંપડપટ્ટીમાં પહોંચી પરિવારજનોને વાત કરતા હોહા મચતા આજુબાજુમાંથી ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને લોકોને આપવીતી જણાવતા શ્રમજીવી યુવક આબાદ છેતરાયો હોવાનુ જણાતા શહેરના ચાર રસ્તા નજીકથી શ્રમજીવી યુવકને નિશાન બનાવી લૂંટી લીધો હોવા છતાં પોલીસતંત્રની નિષ્ક્રીય શ્રમગીરીથી શહેરમાં ચોર લુંટારૂ ગેંગ અને ગઠીયાઓએ માજા મુકી હોવાનુ જણાવી પોલીસ કામગીરી સામે આંગળી ચીંધી હતી. લોકોએ શ્રમજીવી યુવક અને પરિવારજનોને પોલીસ ફરિયાદ કરવાનુ જણાવતા શ્રમજીવી પરિવારે પોલીસની ઝંઝટથી દૂર રહેવાનુ મુનાસીબ માન્યુ હતુ.

# અરવલ્લી જિલ્લા રોજગાર કચેરી દ્વારા પોલીસ ભરતી માટે તાલીમ વર્ગ

મોડાસા, તા. ૨૮

જિલ્લા રોજગાર કચેરી અરવલ્લી, મોડાસા દ્વારા યુવાનો પોલીસદળમાં જોડાઈ શકે તેવા શુભ આશયથી ૩૦ દિવસનો નિઃશુલ્ક નિવાસી તાલીમ વર્ગનું આયોજન ટુંક સમયમાં શરૂ કરવામાં આવશે.

આ તાલીમ વર્ગમાં યુવાનો માટે રહેવા તથા જમવાનુ ચા, નાસ્તો આપવામાં આવશે. તેમજ એક માસનું સ્ટાઈપેન્ડ રૂ. ૩૦૦૦ આપવામાં આવશે. આ તાલીમ વર્ગમાં જોડાવવા માંગતા ધો. ૧૨ પાસ, ઉંમર ૧૮ થી ૨૮ (અનુ. જાતિ., અનુ. જનજાતિ અને બક્ષીપંચ માટે નિયત મુજબ છુટછાટ)વર્ષની વયમર્યાદા ધરાવતા તથા જેઓએ હાલની ભરતીમાં ઓનલાઈન ઉમેદવારી નોંધાવેલ હોય તેવા પુરૂષ ઉમેદવારોએ ઉમેદવારી ફોર્મની નકલ સાથે સ્વખર્ચે રૂબરૂ જિલ્લા રોજગાર કચેરી, જિલ્લા સેવાસદન, બ્લોક નં. એ-એસ-૧૨ બીજો માત્ર, શામળાજી રોડ, મોડાસા, જિ. અરવલ્લી ખાતે તા. ૩૦-૮-૨૦૧૬ના રોજ સવારના ૧૧.૦૦ કલાકે હાજર રહેવા જણાવાવમાં આવે છે.

## કંપની સમાચાર

### રાજકોટમાં ચોખાના બમ્પર પાક માટે ખરીફ-૨૦૧૬ ધાન સંરક્ષણ અભિયાન મદદરૂપ બનશે

દેશમાં ચોખાની ખેતી માટે રાજકોટ મહત્વપૂર્ણ ક્ષેત્ર છે. રાજકોટની અંદાજે ૩૫ ટકા જમીનમાં ધાન્યના પાક લેવામાં આવે છે. દેશની પ્રતિ હેક્ટર ઉપજની સરેરાશ ૨૭૦૦ કિગ્રા સામે રાજકોટની ઉપજ માત્ર ૧૮૦૦ કિગ્રા છે, જે સરેરાશ કરતાં ૩૫ ટકા ઓછી છે. રાજકોટમાં ધાન્યની ખેતીમાં કીટ સંક્રમણ, બિમારીઓ જેવી સમસ્યાઓનો રાજકોટનાં ખેડૂતોને સામનો કરવો પડે છે. આવા તમામ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને ઈન્ડોફિલ ઈન્ડસ્ટ્રીઝ લિ.એ રાજકોટમાં ખરીફ ૨૦૧૬ ધાન સંરક્ષણ અભિયાનની શરૂઆત કરી છે. ઈન્ડોફિલે આ માટે પ્રશિક્ષિત કૃષિદૂતોની ખેડૂતો સાથે મળીને કામ કરવા નિમણૂંક કરી છે. ઈન્ડોફિલ ઈન્ડસ્ટ્રીઝ લિ.ના સિનિયર મેનેજર મહેશકુમાર ખંભાતેના જણાવ્યા અનુસાર, 'ખરીફ ૨૦૧૬ ધાન સંરક્ષણ અભિયાન હેઠળ ધાન્ય ઉગાડવા મહત્વના ગાળામાં ખેડૂતોની સભાઓનું આયોજન થઈ રહ્યું છે. ખેડૂતોને ધાન્યના પાકનાં સંદર્ભમાં રોગ નિદાન ટેકનિક તથા અત્યાધુનિક ધાન સુરક્ષા સંબંધી ટેકનિકોનું પ્રશિક્ષણ આપવામાં આવે છે.'

### ઋતિક રોશન ફ્લેર પેન્સનું એન્ડોર્સમેન્ટ કરશે

ભારતની ટોચની પેન ઉત્પાદક કંપનીએ તેની સુવ્રણજયંતિ ઉજવણીના ભાગરૂપે બોલીવુડ સુપરસ્ટાર ઋતિક રોશન સાથે જોડાણની જાહેરાત કરી છે. ફ્લેર રાઈટીંગ ઈન્સ્ટ્રુમેન્ટ લિ.ના બ્રાન્ડ એમ્બેસડર ઋતિક રોશન ઉચ્ચ દર્શનીય પ્રચાર ઝુંબેશ સાથે નવી પેનોને રજૂ કરશે. ફ્લેરના ચેરમેન કે.જે. રાઠોડના જણાવ્યા અનુસાર, 'ફ્લેર પેન્સ દૈનિક ૫૦ લાખ પેનની ઉત્પાદન ક્ષમતા સાથે ભારતમાં ૪૦૦૦ વિતરકો અને ૨.૪૫ લાખ રિટેલરોનું નેટવર્ક ધરાવે છે. બોલિવુડ સુપરસ્ટાર ઋતિક રોશનની બ્રાન્ડમાં હાજરીને કારણે પ્રોડક્ટ જાણકારી વધારવામાં અને નવા ગ્રાહકો મેળવવામાં સરળતા રહેશે.' નિયમિત બોલ પોઈન્ટ પેનમાં ૧૦૦૦ મિટરની લખવાની શ્રમતા હોય છે. પર્યાવરણ સભાન પગલાના ભાગરૂપે ફ્લેરે બે લાંબામાં લાંબી પેનો રજૂ કરી છે.

### ગુજરાતના પ્લાસ્ટીક ઉદ્યોગમાં ભારે વૃદ્ધિનો એપ્માનો અંદાજ

ઓલ ઈન્ડિયા પ્લાસ્ટીક મેન્યુફેક્ચર્સ એસોસિએશન (એઆઈપીએમએ) દ્વારા તંદુરસ્ત વિસ્તરણની અપેક્ષાએ ગુજરાતમાં આ ઉદ્યોગની ભારે વૃદ્ધિની આગાહી કરી છે. ૭ દાયકા જૂની આ મધ્યસ્થા સંસ્થા તેના સહયોગીઓને વધુ કંપનીઓ સ્થાપી ગુજરાતમાં પાયો વિસ્તૃત કરવા સહાય કરી રહી છે. આ પ્રક્રિયા આગળ ધપાવવા એપ્મા દ્વારા તેની પ્રથમ વેસ્ટ ઝોન બ્રાન્ચ ઓફિસ આજે અમદાવાદમાં હોટલ નોવોટેલ પાસે, મોન્ડીયલ હાઈટ્સ ખાતે શરૂ કરાઈ છે.

એપ્માની ગવર્નીંગ કાઉન્સિલના ચેરમેન અરવિંદ મહેતાએ જણાવ્યું હતું કે ગુજરાતનો સમાવેશ પ્લાસ્ટીક ઉદ્યોગ માટે અલાયદી નીતિ જાહેર કરનારા રાજ્યો માટે થાય છે. મહારાષ્ટ્ર સાથે મળીને ગુજરાત પ્લાસ્ટીક ઉદ્યોગમાં ૬૫ ટકા હિસ્સો ધરાવે છે. વિકાસની આ ગતિને વેગ આપીને પૂર્ણ લાભ લેવાનો સમય પાકી ગયો છે. આજે નવી એપ્મા ઓફિસનો હકારાત્મક પ્રતિભાવ સાથે ગુજરાત માટેની નિષ્ઠા વ્યક્ત કરીને પ્રારંભ કરાયો છે.

ગુજરાત સરકારની પ્લાસ્ટીક ઉદ્યોગને આર્થિક સહાયની યોજનાનો વધુ લાભ મેળવવા પ્રવૃત્તિઓ હાથ ધરાઈ રહી છે. આ યોજના તા. ૧ જાન્યુઆરી, ૨૦૧૫ થી ૩૧ ડિસેમ્બર, ૨૦૧૯ સુધી અમલી છે, જેમાં પ્લાસ્ટીકનું ઉત્પાદન કરતી કંપનીઓને વ્યાજ સબસીડી અને વેટના પ્રોત્સાહનોનો સમાવેશ થાય છે. ડિપાર્ટમેન્ટ ઓફ કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સને પ્લાસ્ટીક બેગના નિયમો આકરા કરવા અને રિસાયકલીંગના પ્રોત્સાહન માટે સતત રજૂઆત કરવામાં આવી રહી છે.

# તલોદમાં ૧૪ અને વિજયનગરમાં ૬ મીમી વરસાદ

હિંમતનગર, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા વરસાદને કારણે પાકને ફાયદો થયો છે. તો બીજી તરફ માખી-મચ્છરોનો ઉપદ્રવ વધતા ઘેર ઘેર બિમારીના વાવડ આવી ગયા છે. છેલ્લા ચોવીસ કલાક દરમિયાન સાબરકાંઠા જિલ્લામાં પ્રાંતિજ અને વડાલીને બાદ કરતા સરેરાશ બે ઈંચ વરસાદ પડયો હોવાનું ડીઝાસ્ટર વિભાગના સૂત્રોએ જણાવ્યુ હતું.

શનિવારે સાબરકાંઠામાં દિવસ દરમિયાન બાફ અને ઉકળાટનું પ્રમાણ ખૂબ જ વધુ અનુભવાયુ હતું. દરમિયાન રાત્રિના સુમારે ઈડર, વડાલી અને ખેડબ્રહ્મા સહિત હિંમતનગરમાં મોડી રાત્રે વરસાદી ઝાપટું પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. બીજી તરફ પ્રાંતિજ અને વડાલી પંથકમાં સામાન્ય વરસાદના છાંટા પડયા હતા.

જયારે રવિવારે દિવસ દરમિયાન તલોદમાં ૧૪ અને વિજયનગરમાં ૬ મીમી વરસાદ પડયો હતો. જિલ્લામાં ધીમીધારે પડી રહેલા વરસાદને કારણે ડાંગર, અડદ, તુવર, મકાઈ અને કપાસના પાક માટે આ વરસાદને ખેડૂતો સોના સમાન ગણી રહ્યા છે. જોકે સતત ચાલુ રહેલા વરસાદને કારણે હિંમતનગર સહિત જિલ્લાના વિવિધ સ્થળે માખી-મચ્છરોનો ઉપદ્રવ થવાને કારણે લોકો બિમારીમાં સપડાયા છે. જેના કારણે ખાનગી અને સરકારી દવાખાનાઓમાં દર્દીઓનો ધસારો વધી રહ્યો છે.

# પ્રાંતિજ શહેર-તાલુકામાં જન્માષ્ટમી પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરાઈ

## કુષ્ણ મંદિરો સહિત શિવમંદિરોમાં પણ જન્માષ્ટમીની ઉજવણી : ઠેરઠેર મટકી ફોડ કાર્યક્રમો યોજાયા



પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તથા તાલુકાના ગામ્ય વિસ્તારોમાં કુષ્ણ જન્મને લઈ કુષ્ણ મંદિરો સહિત શેરીઓ ગલ્લીઓ અને મહેલ્લા ઓમાં રાત્રીના ૧૨ ના ટકોરે ઠેરઠેર મટકી ફોડ કાર્યક્રમો યોજાયા હતાં જેમા પ્રાંતિજ તાલુકામાં જન્માષ્ટમી ને લઈ જય કનૈયાલાલકી ની ધુન સાથે આખુંય વાતાવરણ ભકતીમય બનીગયું હતું

પ્રાંતિજ સહિત તાલુકામાં કુષ્ણ જન્મ ને લઈને સવારથીજ વિવિધ મંદિરોમાં તડામાર તૈયારીઓ હાથધરવામાં આવીહતી દિવસ ભર નંદ મહોત્સવ અલગ અલગ જગ્યાએ કાર્યક્રમો યોજાયા હતાં અને ગરબા , રાસગરબા , ભજન સહિત રાત્રીના બારના ટકોરે મટકી ફોડ કાર્યક્રમો યોજાયા હતાં જેમાં કનૈયાની સેના દ્વારા જુદી જુદી જગ્યાએ મટકી ફોડવામાં આવી હતી.



## લાયન્સ ક્લબ ઓફ મોડાસા દ્વારા છત્રી વિતરણ કાર્યક્રમ

લાયન્સ ક્લબ ઓફ મોડાસા દ્વારા શહેરમાં અવાર નવાર સામાજીક કાર્યો કરવામાં આવે છે. જેમાં વૃક્ષારોપણ, રક્તદાન શીબીર, મેડિકલ કેમ્પ, ચશ્મા વિતરણ જેવા અનેક સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. પવિત્ર શ્રાવણ માસમાં શુક્રવારના રોજ લાયન્સ અને લાયોનેસ ક્લબ ઓફ મોડાસા દ્વારા જરૂરીયાતમંદ અને ફૂટપાથ પર ધંધો-રોજગાર દ્વારા રોજીરોટી મેળવતા લોકોમાં મોડાસાના જુદા જુદા વિસ્તાર ૨૦ જેટલી છત્રીઓનું વિતરણ કરવામાં આવતા ગરીબ લારીવાળાઓના મુખ પર આનંદની રેખાઓ જોવા મળી હતી. આ પ્રસંગે લાયન્સ પ્રમુખ મનુભાઈ પટેલ, મંત્રી ભાવેશ જયસ્વાલ, લાયોનેસ પ્રમુખ અન્નપુર્ણાબેન, મંત્રી વનીતા ઉપાધ્યાય, પ્રવીણ પરમાર, ગીરીશ પટેલ, સુરેશ પટેલ તથા લાયન્સ પરિવારના સદસ્યો હાજર રહ્યા હતા.

# હવે, આઈઆઈટી ગાંધીનગરના ફાઉન્ડેશન કોર્સમાં ગરબાનો સમાવેશ

ગાંધીનગર, તા. ૨૮

રાસ-ગરબા એ ગુજરાતની આગવી સંસ્કૃતિનું પ્રતિક છે. આઈઆઈટી ગાંધીનગરમાં અભ્યાસ કરવા આવેલા વિદ્યાર્થીઓની શારિરીક સજ્જતા કેળવાય અને સાથે જ તેઓને ગુજરાતની સંસ્કૃતિ અંગે જાણકારી મળી રહે તે હેતુથી આઈઆઈટી ગાંધીનગરના ફાઉન્ડેશન કોર્સમાં સૌપ્રથમ વખત ગરબાનો સમાવેશ કરવામાં આવ્યો છે. હાલમાં ગરબાના વિવિધ સ્ટેપ્સ શીખી રહેલા વિદ્યાર્થીઓ ૧૯મી ઓગષ્ટે સામુહિક રીતે તેનુ નિદર્શન કરશે.

રાસ-ગરબાનો ફાઉન્ડેશન કોર્સમાં સમાવેશ કરવા અંગે આઈઆઈટી ગાંધીનગરના સ્પોર્ટસ કો ઓર્ડીનેટર દિનેશ પરમાર જણાવે છે કે આઈઆઈટી-જીની નવી બેચના ૧૮૨ વિદ્યાર્થીઓમાંથી માત્ર ૧૮ વિદ્યાર્થીઓ જ ગુજરાતી છે. અન્ય પ્રાંતના વિદ્યાર્થીઓ જ્યારે થોડાક વર્ષો અહીં જ રહીને અભ્યાસ કરવાના છે ત્યારે તેઓ ગુજરાતના કલ્ચર વિશે જાણે તે જરૂરી છે. અમે ગરબાના સ્ટેપ્સને મોડીફાય કરી 'એરોબિક ગરબા' વિદ્યાર્થીઓને શીખવી રહ્યા છીએ જેથી કરીને તેઓની શારિરીક સજ્જતા પણ કેળવાય. ચીલાચાલુ કસરત કરતાં અલગ પ્રકારની આ એકસરસાઈઝ 'એરોબિક ગરબા'ના સેશનમાં વિદ્યાર્થીઓ ખુબ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે. તેઓ આને એક નવો જ અનુભવ ગણાવી રહ્યા છે. આગામી ૧૮મી સપ્ટેમ્બરના રોજ આ વિદ્યાર્થીઓ સામુહિક રીતે આ 'એરોબિક ગરબા'નું નિદર્શન કરશે. એરોબિક ગરબાના પ્રયોગ બાદ આગામી વર્ષના ફાઉન્ડેશન કોર્સમાં ગુજરાતના આદિજાતિ વિસ્તારના નૃત્યોનો સમાવેશ કરવાનું સંસ્થા વિચારી રહી છે.

**અન્ય પ્રાંતના વિદ્યાર્થીઓને ગુજરાતની સંસ્કૃતિ અંગે જાણકારી આપવાનો તથા શારીરિક સજ્જતા કેળવવાનો હેતુ**

## દેશનું નુકસાન છે ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિરોધ કરનાર તમામ પક્ષોએ હાથ મિલાવીને જીએસટી કાયદાને પસાર કરી દીધો છે. આના માટેની ક્રેડિટ તમામ પક્ષોને મળે છે. મોદીએ કહ્યું હતું કે, ૨૯મી ઓગસ્ટના દિવસે હોકીના જાદુગર ધ્યાનચંદની જન્મતિથિ છે. આ દિવસને રાષ્ટ્રીય ખેલ દિવસ તરીકે મનાવવામાં આવે છે. વર્ષ ૧૯૨૮, ૧૯૩૨ અને ૧૯૩૬માં ઓલિમ્પિકમાં ભારતને હોકીમાં સુવર્ણ અપાવવામાં ભૂમિકા અદા કરી હતી. મહાન ખેલાડી ડોનબ્રેડમેને ધ્યાનચંદના સંદર્ભમાં કહ્યું હતું કે, તેઓ રન બનાવવાની જેમ ગોલ કરે છે. ધ્યાનચંદ ખેલ ભાવના અને દેશભક્તિ માટેનો એક દાખલો છે. મોદીએ ઓલિમ્પિકમાં ભારતના દેખાવની ચર્ચા કરી હતી. તેમણે કહ્યું હતું કે, સરકારે હાલમાં જ એક કમિટિની રચના કરી દીધી છે. નિરાશાજનક દેખાવની સ્થિતિમાંથી બહાર આવવા પ્રયાસ કરવામાં આવશે. સરકારની આ કમિટિ દુનિયામાં કયા કયા તરીકા સારા દેખાવવા માટે અપનાવવામાં આવી રહ્યા છે તેની તરફ ધ્યાન આપશે. તેમાં અભ્યાસ કરશે. ૨૦૨૦, ૨૦૨૪ અને ૨૦૨૮ના ઓલિમ્પિક માટે દૂર સુધીના વિચારની સાથે યોજના બનાવવામાં આવી રહી છે. મોદીએ રાજ્ય સરકારોને અપીલ કરતા કહ્યું હતું કે, આ સમિતિ બનાવવામાં આવે અને ખેલજગત સાથે જોડાયેલા સંગઠન નિષ્પક્ષભાવથી આત્મમંથન કરે તે જરૂરી છે. દરેક વ્યક્તિ તેમને સૂચનો મોકલે તેવી અપીલ પણ મોદીએ કરી હતી. સવા ૧૦૦ કરોડ દેશવાસી, ૬૫ ટકા યુવા જનસંખ્યા ખેલની દુનિયામાં પણ શ્રેષ્ઠ દેખાવ કરે તેવા સંકલ્પ સાથે આગળ વધવાની જરૂર છે.

## શ્રમદાન કરશે... ● છેલ્લા પાનાનું ચાલુ

માનવામાં આવી રહ્યું છે. તંત્રએ ડિસેમ્બર ૨૦૧૬ સુધીમાં ૨૦૧૨ના બેઝ લાઈન સર્વે મુજબના તમામ ઘરોમાં શૌચાલયોની સુવિધા ઉપલબ્ધ કરાવવાનો મહત્વનો લક્ષ્યાંક રાખી અને આગળ વધવાનો નિર્ણય કરેલ છે. વિદ્યાર્થીઓને આ અભિયાનમાં પ્રોત્સાહિત કરવા માટે જિલ્લાના અધિકારીઓ અને લાયઝન અધિકારીઓ પણ આ ગામોની મુલાકાત લેશે એટલુ જ નહિ તેમની સાથે અભિયાનમાં પણ જોતરાશે.

## પ્રમુખ સ્વામીને શ્રદ્ધાંજલિ... ● છેલ્લા પાનાનું ચાલુ

શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં સાધુ, સંતો અને ભાવિકો ઉમટી પડશે. આ કાર્યક્રમમાં મોટાભાગના રાજકીય અગ્રણીઓ પણ સામેલ થશે. પ્રમુખસ્વામી દ્વારા પ્રેરિત અક્ષરધામ સંકુલના કારણે ગાંધીનગરને વૈશ્વિક ઓળખ પ્રાપ્ત થઈ હોવાથી શહેરના રહીશોમાં તેમના પ્રત્યે વિશેષ આદરભાવ છે. ગાંધીનગરમાં પ્રમુખસ્વામીના બ્રહ્મલીન થયા બાદ પ્રથમવાર જાહેર શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ યોજાઈ રહ્યો હોઈ તેનું વિશેષ મહત્વ રહેશે.

## કાનૂન અને કાયદો ● ૪ પાનાનું ચાલુ...

આવશે. દંપતિની કાયદેસરતા ચકાસી, નાગરિકતા ચકાસી તથા મેડિકલ રીપોર્ટ ચકાસ્યા બાદ જ સંબંધીત મહિલાની જ કોખ ભાડે આપવાની પરવાનગી આપ્યા બાદ જ નિષ્ણાંત ડોકટરોની પેનલ દ્વારા તેમના હાથ નીચે આખી પ્રક્રિયા અનુસરવાની રહેશે. ભારતમાં મેડિકલ અન્ય દેશની સરખામણીએ સસ્તું હોય દુનિયાના લોકોની નજર ભારત પર હતી તથા ભારતમાં સરોગેશી માટેના અલાયદા કોઈ ચોક્કસ કાયદા કાનૂન અમલમાં મુકાતા ના હોય તેનો લાભ મેળવી આખી મેડિકલ ટુરીઝમ વેપાર પ્રથા અમલમાં આવેલ જેના ઉપર પ્રતિબંધ મુકાશે.

સામાન્ય રીતે આઈવીએફ ફેઈલ થાય, વારંવાર ગર્ભપાત થાય, ગર્ભમાં કોઈ ખામી હોય તેવા સંજોગોમાં સરોગેશી પ્રસ્તૃત અને નૈતિક રીતે માન્ય રહે છે. હવેથી લગ્નના પાંચ વર્ષ બાદ જ કાયદેસરતા ધરાવતું ભારતીય નાગરિકતા ધરાવતું દંપતિ જ આ પ્રથા અપનાવી શકશે. નિયમ ભંગ થતા ૧૦ લાખનો દંડ તથા સજાની જોગવાઈ છે.

